# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

*******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે છત્તીસગઢના એક દિવસના પ્રવાસે.

2) સ્વસ્થ મહિલા, સશક્ત પરિવાર અભિયાન" હેઠળ ભારતને ત્રણ ગિનિસ વિશ્વ વિક્રમ મળ્યા.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું - દરેકના પ્રયાસોને કારણે, દેશ વિજ્ઞાન અને નવીનતાના ક્ષેત્રમાં વૈશ્વિક નેતૃત્વમાં અગ્રેસર.

4) ભારતીય ઓળખ સત્તામંડળે આધાર વિઝન 2032 ફ્રેમવર્ક પ્રસિધ્ધ કર્યું.

5) ભારતની ઉન્નતિ હુડા હાયલો ઓપન સુપર-500 બેડમિન્ટન ટુર્નામેન્ટની સેમિફાઇનલમાં.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-CHHATTISGARH-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે છત્તીસગઢના એક દિવસના પ્રવાસે છે. તેમની મુલાકાત દરમિયાન, શ્રી મોદી રાજ્યની સ્થાપનાના પચીસ વર્ષ નિમિત્તે રાજધાની રાયપુરમાં રજત જયંતિની ઉજવણીમાં ભાગ લેશે.

આ પ્રસંગે પ્રધાનમંત્રી 14 હજાર 260 કરોડ રૂપિયાથી વધુના વિકાસલક્ષી પ્રોજેક્ટ્‌ની શ્રેણીનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી રાજ્યની રાજધાનીમાં તેમના રોકાણ દરમિયાન ચાર અન્ય કાર્યક્રમોમાં પણ હાજરી આપશે.

અમારા સંવાદદાતાનો અહેવાલ–

(V/C- VIKALP SHUKLA)

# INDIA-HEALTH-CARE-RECORDS

"સ્વસ્થ મહિલા, સશક્ત પરિવાર અભિયાન" હેઠળ ભારતને ત્રણ ગિનિસ વિશ્વ વિક્રમ મળ્યા છે. 17 સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર સુધી ચાલેલા આ અભિયાનમાં અભૂતપૂર્વ સમુદાય ભાગીદારી જોવા મળી.

આ પહેલે અનેક રેકોર્ડ બનાવ્યા, જેમાં એક જ મહિનામાં 32.1 કરોડથી વધુ લોકોએ આરોગ્યસંભાળ પ્લેટફોર્મ પર નોંધણી કરાવી. એક અઠવાડિયામાં નવ લાખ 94 હજારથી વધુ મહિલાઓએ ઓનલાઈન સ્તન કેન્સર સ્ક્રીનીંગ માટે નોંધણી કરાવી, જે વિક્રમજનક છે.

વધુમાં, રાજ્ય સ્તરે, એક અઠવાડિયામાં એક લાખ 25 હજાર લોકોએ ખાસ સ્ક્રીનીંગ માટે ઓનલાઈન નોંધણી કરાવી, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે,

20થી વધુ મંત્રાલયોએ આ અભિયાનમાં સક્રિયપણે ભાગ લીધો હતો. જેમાં કેન્દ્ર સરકારની સંસ્થાઓ, મેડિકલ કોલેજો અને ખાનગી સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ સિદ્ધિઓ ભારતના સામૂહિક પ્રયાસોનો પુરાવો છે.

# PM-SCIENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે દરેકના પ્રયાસોને કારણે, દેશ વિજ્ઞાન અને નવીનતાના ક્ષેત્રમાં વૈશ્વિક નેતૃત્વને ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યો છે અને એક આત્મવિશ્વાસુ, આત્મનિર્ભર ભારત હવે વિશ્વને પ્રેરણા આપી રહ્યું છે.

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહ દ્વારા એક અંગ્રેજી દૈનિકમાં પ્રકાશિત એક લેખ વિષે વાત કરતા, છેલ્લા કેટલાક વર્ષોમાં આ ક્ષેત્રમાં થયેલી પ્રગતિ પર, શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે ભારત ડિજિટલ ઇન્ડિયાથી લઈને ડીપ ટેક, ચંદ્રયાનથી લઈને બાયો-ઇકોનોમી અને અન્ય ક્ષેત્રોમાં નવા પરિમાણો સ્થાપિત કરી રહ્યું છે.

# UIDAI-FRAMEWORK

ભારતીય ઓળખ સત્તામંડળે આધાર વિઝન 2032 ફ્રેમવર્ક પ્રસિધ્ધ કર્યું. કૃત્રિમ બુધ્ધિમતા, બ્લોકચેન, અને એડવાન્સ્ડ એન્ક્રિપ્શન દ્વારા ભવિષ્ય-પ્રૂફ ડિજિટલ ઓળખને મજબૂત બનાવવા માટે આધાર વિઝન 2032નો રોડમેપ રજૂ કરે છે.

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે જણાવ્યું કે, આ ફ્રેમવર્ક ભારતના ડિજિટલ ઓળખ ઇકોસિસ્ટમને ફરીથી વ્યાખ્યાયિત કરવા અને આગામી

દાયકા માટે આગામી પેઢીના ડિજિટલ ગવર્નન્સને વેગ આપવા માટે એક વ્યાપક રોડમેપ પ્રદાન કરશે.

આ ફ્રેમવર્ક ટેકનોલોજી નિષ્ણાતોની ઉચ્ચ-સ્તરીય સમિતિ દ્વારા વિકસાવવામાં આવ્યું હતું જેથી ખાતરી કરી શકાય કે આધાર ડિજિટલ વૈશ્વિક સાયબર સુરક્ષા ધોરણોનું પાલન કરે છે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ રોડમેપનો હેતુ ટેકનિકલ કુશળતા જાળવવા અને આધારને સુરક્ષિત, સમાવિષ્ટ અને લોકો-કેન્દ્રિત ડિજિટલ ઓળખ તરીકે વધારવાનો છે.

# NAVY-TRISHUL

પાકિસ્તાન સાથેની પશ્ચિમ સરહદ પર કવાયત ત્રિશુલ ચાલી રહી છે. ગઈકાલે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા, ડાયરેક્ટર જનરલ વાઇસ એડમિરલ એ.એન પ્રમોદે જણાવ્યું કે, આ કવાયત આ મહિનાની 13 તારીખ સુધી યોજાશે.

ભારતીય સેનાનો દક્ષિણ કમાન્ડ, ભારતીય નૌકાદળનો પશ્ચિમ કમાન્ડ, વાયુસેનાનો દક્ષિણ-પશ્ચિમ વાયુ કમાન્ડ, તેમજ કોસ્ટ ગાર્ડ, બીએસએફ અને અન્ય કેન્દ્રીય એજન્સીઓ ત્રિશુલ કવાયતમાં ભાગ લઈ રહી છે. વાઇસ એડમિરલ પ્રમોદે જણાવ્યું હતું કે આ કવાયતનો હેતુ તમામ દરિયાઈ દળો તેમજ આંતર-સેવાઓ વચ્ચે તાલમેલ વધારવાનો છે.

સાંભળીએ એક અહેવાલ –

(V/C- SARFIROZI)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## BIHAR-ELECTION

**બિહારમાં વિવિધ રાજકીય પક્ષોના પ્રચારકો અને વરિષ્ઠ નેતાઓએ વિવિધ મતવિસ્તારોમાં ચૂંટણી રેલીઓને સંબોધિત કરી. અવિરત વરસાદ છતાં ઘણા વરિષ્ઠ નેતાઓએ તેમના પક્ષના ઉમેદવારોના સમર્થનમાં રોડ શો કર્યા.**

**અમારા સંવાદદાતા તરફથી વિગત સાંભળીએ....**

**(V/C- DHARMENDRA-RAI)**

## SIKKIM-WEATHER

સિક્કિમમાં ગઈકાલથી સતત વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે આજે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. પૂર્વી વિદર્ભ અને દક્ષિણ છત્તીસગઢમાં આવેલા તીવ્ર ચક્રવાતી વાવાઝોડા 'મોન્થા'ની અસરને કારણે આ એલર્ટ અપાયું છે.

સાંભળીએ એક અહેવાલ..

(V/C– VISHAL-IMD-SIKKIM)

## BADMINTON-HYLO-OPEN

ભારતની ઉન્નતિ હુડા જર્મનીમાં હાયલો ઓપન સુપર-500 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં મહિલા સિંગલ્સની સેમિફાઇનલમાં પહોંચી ગઈ છે.

સારબ્રુકેનમાં ઉન્નતિએ ક્વાર્ટર ફાઇનલમાં ચાઇનીઝ તાઇપેઈની લિન હ્સિયાંગ-ટાયને 22-20, 21-13થી હરાવી હતી. સેમિફાઇનલમાં તેનો સામનો ઇન્ડોનેશિયાની ટોચની ક્રમાંકિત કુસુમા વર્દાની સાથે થશે. ઉન્નતિ આ ટુર્નામેન્ટમાં છેલ્લા ચારમાં પહોંચનારી એકમાત્ર ભારતીય ખેલાડી છે.

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના મોટાભાગના અખબારોએ સરદાર પટેલની 150મી જન્મજ્યંતિ પર પીએમ મોદીએ કરેલા સંબોધનના સમાચારોની હેડલાઇન બનાવી છે.
- ગુજરાત સમાચાર લખે છે ઘૂષણખોરો મહાખતરો, દરેકને તગેડી મૂકાશે- મોદી
- દિવ્ય ભાસ્કર લખે છે શબ્દ સરકારના, સંકલ્પ સરદારના. ભારત-અમેરિકા વચ્ચે 10 વર્ષનો સંરક્ષણ કરાર-અમેરિકા આપણી પાસેથી સંરક્ષણ ખરીદશે, તેજસના એન્જિન બનશે.